સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૭૧ / શુમારો : ૩ بسم الله الرحمن الرحيم કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૪ / ડિસેમ્બર ૨૦૨૨ - જાન્યુઆરી ૨૦૨૩

## દૌરૂસ્સતરના દોઆતે હક્ક (રિ.અ.)

તારીખે દાઅવતે હક્કની કિતાબોમાં બયાન આવેલું છે કે, પાઁચમાં ઈમામે ફાતેમી મૌ.જાઅફરૂસ્સાદિક (અ.સ.) નો દરાઝ દૌરે ઈમામત સિયાસી હિલચાલ અને બાતિલ લોગોની સરકશીનો હતો. મુખ્તલિફ હુકૂમતો ઈરાક અને શામમાં પોતાની તાકતોનો ઝોર-શોરથી મુઝાહેરો કરી રહી હતી. દુનિયાના લાલચખોરો, દૌલતના ભુખા અને સલ્તનત હાસિલ કરવા ફિત્નાવર અને ચાલબાઝ લોગોની કમી ન હતી. આ વક્તે બેકરારીમાં આપ ઈમામ મદીનતુલ મુનવ્વરહમાં કારે ઈમામત ઈત્મિનાનથી ચલાવી રહ્યા હતા. અલગ-અલગ ઈલાકાઓમાં આપ આપના દોઆતે હક્કને તબ્લીગે દાઅવત વાસ્તે રવાના કરી રહ્યા હતા. મગર મદીનતુલ મુનવ્વરહમાં આપની દાઅવત ખામોશ-મસ્તૂર હતી અને આપ ખૂબ જ સોચી-સમઝીને દાઅવત વાસ્તે અસ્હાબને અમર-હુકમ કરતા હતા. સબબ કે, આપને નુકસાન પહોંચાવવા ઊમય્યહ અને અબ્બાસીઓના જાસૂસો મદીનામાં હર ગોશામાં મૌજૂદ હતા.

૨૦૦ હિ. ના માથા પર આપ મૌલાના દસ્તૂર પર મૌ.અબ્દુલ્લાહિલ મસ્તૂર (અ.સ.) એ આપના બે મોઅતહર-ભરોસાવાલા શખ્સો ને મગરિબ-આફ્રીકા તરફ મોકલા. આ બે સાહેબો છે, **દાઇ સૈ. અબ્દુલ્લાહ બિન અલી બિન અહમદ અલ-હુલ્વાની અને દાઇ સૈ.અબૂ સુફયાન હસન બિન અબ્દુલ્લાહ બિન કાસિમ (રિ.અ.).** રિવાયતમાં છે કે, આ બેવે દાઈપહેલા યમન ગયા તે બાદ આફ્રીકાના શહેરોમાં ઈમાનથી ખાલી બંજર ઝમીન તરફ કસ્દ કીધો. આ ઝમીન બીજી કોઇ ન્હોતી મગર આફ્રીકાના બેઅદબ અને જાહિલ લોગોના દિલો હતા. તે દિલોમાં આ બે મૌલાઈઓએ ફઝાઈલે અહલેબૈત (અ.સ.) ના મુબારક બીજ બોયા કે, જેનાથી ઈમાનની પાક ફસલ તૈયાર થઈ.

ઈમામે હક્કએ આ બેવે દાઈઓને હુકમ કીધો કે, "તમેં બેવે સાહેબો આફ્રીકાના શહેરોમાં જાવ અને ત્યાં બરબર-કિતામહ કબીલાના લોગો દરમિયાન દાઅવતે હક્કનો પૈગામ આપો. હિકમત અને નરમીથી તેઓના દિલોને દાઅવતે ઈસ્માઈલીયહ તરફ માઇલ કરો, હોશ અપાવો. તમેં બેવે જુદા થઈ જાજો. અલગ-અલગ ગામડાઓમાં જાજો. **અહલુલ બૈત (અ.સ.) ના ઇલ્મ-ફઝાઇલને ફેલાવજો.**" ફરમાન મુતાબિક બેવે સાહેબો મરમાજનહ શહેરમાં આવા અને ત્યાંથી દાઈ અબૂ સુફયાન તાલા શહેરમાં પધારા.

ત્યાં આપે એક બૈરો સાથે નિકાહ કીધા. ખિદમતને વાસ્તે એક ગુલામ અને એક લોંડી ખરીદ કીધા. આપે ત્યાંના મકામી લોગો સાથે મિલીને મસ્જિદ તાઅમીર કીધી. આપ ખુદ આપના ગુલામ સાથે કામકાજ અને મઝદૂરી કરતા હતા, તે જ મુજબ આપ આપના બૈરોને લોંડી સાથે ઘરનું કામકાજ કરવાનું કહેતા હતા. તે ઈલાકામાં આપનો ફઝલ-મરતબો ઘણો થયો. ઈબાદત અને ઝોહદની આઅલા મંઝિલો તય કીધી. **હક્ક અને તકવાના મિનારને બલંદ કીધા.** તાલા શહેર અને તેના ચોતરફના ગામોમાં આપની દરીયાદિલી અને દિયાનતદારીનો ડંકો વાગવા લાગો. આપે દાઅવતે હક્કની ખિદમત વાસ્તે મુલ્કે શામના સલમીયહ ઈલાકામાં પણ ગશ્ત લગાવી છે અને ત્યાં દાઅવતે હક્કના ઈલ્મના મીઠા પાનીથી લોગોને સૈરાબ કીધા છે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**હાથની ચીકાશ અને તેની બદબૂ, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આપના આ તરહના ફઝલના સબબ લોગો આપની હઝરતમાં હાઝિર થાતા અને અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલતોને સાંભલતા અને યાદ રાખતા. આપની હક્ક-બયાનીનો અસર એ મુજબ થયો કે, મજાનહ ગામ ના તમામ લોગો શીઅયાને અહલે બૈત થઇ ગયા. આપની સોહબતમાં તેઓ જાણી ગયા કે, દીને ઈસ્લામની અસલ બુનિયાદ કઇ છે. આપની હાઝિરીમાં મજાનહ ગામ ઈસ્માઈલી શીઆઓનું એક મોટું મથક બની ગયું. આ જ મિસિલ વક્ત ગુઝરતા અને અપની હક્કાનીયત ઝાહિર થાતા, મરબસ અને નુફતહ ગામના લોગો પણ પરચમે બયઅતે હક્કના સાયામાં શામિલ થઈ ગયા. રાહે રાસ્ત અપનાવીને પોતાની ઝિંદગીને કામિયાબ બનાવી દીધી. નુફતહ ગામના લોગો કાશતકાર હતા. તેઓ ખજૂરની ખેતી કરતા અને તેને એ તરહથી વહેંચતા કે તેના એવઝ-બદલામાં ઘઉં અને બીજું અનાજ ખરીદતા હતા.

આ તમામ ચીઝમાં આપ અને આપના અહલ ખૂબ માહિર હતા. લોગો પાસેથી તમરા-ખજૂર લઈને ઘઉં આપતા હતા. ખેતી-વાડીની ચીઝો ની ખરીદ-ફરૌખ્તના દરમિયાન આપ નાની-મુખ્તસર મજલિસો કરતા અને તેમાં આપ લોગોને મકામાતે અહલે બૈત (અ.સ.) થી ખબરદાર કરતા હતા. રિવાયતમાં બયાન આવેલું છે કે, આ સઘલા ગામવાલાઓ માંથી એક શખ્સનો ઊંટ મરી ગયો. આપના તરફ આ ખબર પહોંચી, કેમકે એ શખ્સ આપનો મોહિબ્બ, મુખ્લિસ હતો. આપ એના નઝદીક ગયા તો એ ખૂબ રોઇ રહ્યો હતો. આથી આપને દિલમાં ખૂબ અફસોસ થયો. આપે કહ્યું કે, "અય ભાઇ ! અલ્લાહ પર તવક્કુલ રાખો. **હું મારા તરફથી એક ઊંટ ઊછીનું-ઉધાર આપું છું.** તમેં ફિકર ના કરો. જે વક્ત તમારા પાસે બંદોબસ્ત થાય તે વક્ત મને આપજો. મૈં કોઈ વાર પણ તમારાથી મુતાલેબો નહીં કરૂં."

આ સાંભલીને એ શખ્સ ઘણા જ ખુશો ખુર્રમ થયા અને અરઝ કીધી કે, "અય મૌલા ! ખુદાનું અહેસાન અને આપની દોઆ. પણ મારા દિલમાં એક ખટકો તે છે કે, મૈં આપ તરફથી આપેલા ઊંટ વાસ્તે કોઈ ઝમાનત પૈશ ના કરી શકો. મગર અલ્લાહતઆલાને હાઝિર-નાઝિર સમઝીને હું મીઆદ આપું છું કે, આપની જે અમાનત મારા પાસે છે તે તેના હક્ક મુજબ આપને અદા કરી દઈશ." આપે ફરમાવું કે, " **અલ્લાહતઆલાની ઝમાનત બરાબર કોઇ બશરની ઝમાનત કુબૂલ થઇ શકે નહીં.** " આપે એ શખ્સને ઊંટ સોંપી દીધો.

એ શખ્સ થોડા દિનો બાદ ઊંટ લઈને પોતાના વતન તરફ ચાલો ગયો. ઊંટના સબબ એની રોઝી ઘણી કુશાદા થઈ. એ મરદ દાઈ અબૂ સુફયાનનું એહસાન ભુલી ગયો. અમાનતમાં ખયાનત કરી બેસો. એની નિય્યતમાં બિગાડ પૈદા થઇ ગયો. આપ દાઈની મુલાકાત મુકી દીધી. આવવા-જાવાનું છોડી દીધું. આપનો ઈલાકો છોડીને બીજી તરફ ખેતી-વાડીનો વેપાર શુરૂ કરી દીધો. આ તરહ એક મુદ્દત ગુઝરી ગઈ.

એક દિન એવો ઈત્તેફાક થયો કે, તે ઊંટ રાતના વક્ત પર ઊંટોની કતાર માંથી છુટી ગયો અને રસ્તો તય કરતા-કરતા આપ મૌલાના મકાન પર પહોંચી ગયો. મકાનના બાઝૂમાં જ મસ્જિદ હતી. ફજર થાવાને વાર હતી. ઊંટ મસ્જિદના દરવાઝાના નઝદીક આવીને બેસી ગયો. તેની પીઠ પર તાઝી ખજૂરના કોથલાઓ લાદેલા હતા. આપ ફજરની નમાઝ પઢીને બાહર નિકલા તો જોઈ છે શું કે, આપનો તે ઊંટ દરવાઝા પર બેસેલો છે. આપને જોઈને ઊંટે પોતાનું મૂઁહ ઊંચું-નીચું કીધું, ગોયા કે, **આપને સલામ કરતો હોય.** આપે તેના પર શફકતનો હાથ ફિરાવો.

ઘણા અય્યામ તક ઊંટ આપના નઝદીક રહ્યો. ત્યાં એ શખ્સ ઊંટ બગૈર ઘણો પરેશાન થઈ ગયો. કોઈ બીજો ઊંટ, તેના મુકાબેલામાં મહેનતકશી કરી શકતો ન હતો. એ શખ્સને ખૂબ અફસોસ થયો, કારોબારમાં મોટું નુકસાન થયું. એને યકીન થઈ ગયું કે, ઝરૂર ! તે ઊંટ આપ મૌલા પાસે જ ચાલો ગયો હશે. લેહાઝા, ઊંટની પૂરેપૂરી કીંમત લઈને એ આપને મિલવા આવો. આપની હઝરતમાં ઉઝખ્વાહી-મુઆફી તલબ કીધી અને અરઝ કીધી કે, હવે, કીમત લઈને ઊંટ એને સોંપી દે.

(બકીયહ પેજ નં. ૩ પર)

**નમાઝ પઢવાને સાથે દુનિયાની વાતો કરવું, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

આપ મૌલાએ કહ્યું કે, "વક્ત બદલાતા તમારા ઈમાનના હાલાત બદલાતા રહે છે. મુમિન પર વાજિબ બને છે કે, એ પોતાનું ઈમાન સાફ રાખે. ગમે તેવો ઈમ્તેહાનનો વક્ત આવે એ સાબિત-કદમ રહીને રાહે હક્કથી ના બહેકે." આપે મઝીદ ફરમાવું કે, "**અય ભાઇ ! હવે તમેં લાખ કોશિશ કરશો તો પણ આ ઊંટ તમારા સાથે આવશે નહીં.** એ વક્ત હવે ગુઝરી ચુકો છે. તમેં શાયદ તે વક્તને પહેચાનવામાં કુસૂર કરી દીધો. આ ઊંટ વાસ્તે ખુદ અલ્લાહતઆલા ઝામિન છે. ઝામિને એનું કામ કીધું અને ઊંટે એની ફરઝ નિભાવી. હવે, મારા પર વાજિબ છે કે, તમારી મહેમાનદારી કરૂં. જાવ ! ફલાઁ કમ્રામાં આરામ કરો અને જે કઈ હાજિત હોય તે મારા ખુદ્દામને પૈશ કરી શકો છો. " પછી આપ મૌલાએ એ શખ્સ વહેચવાને વાસ્તે જેટલી ખજૂર લાવા હતા, તેને ખરીદ કરી લીધી અને એના એવઝમાં ઘઉં અતા કરીને પોતાના વતન તરફ રવાના કીધા.

દાઅવતે શરીફહના અખ્બારના કિતાબોમાં દાઈ અલ-હુલ્વાની ની ઝિક્રે ખૈર આવેલી છે. આપ, દાઈ અબૂ સુફયાનના હમ-ઝમાન હતા. યમન તરફ કારે દાઅવત વાસ્તે આપ બેવે સાથે ફરમાને ઈમામુઝઝમાન (અ.સ.) ના સાયામાં પધારા હતા. પછી મુલ્કે શામના સલમીયહ શહેર તશરીફ લઈ ગયા હતા. આપ શૌજમાર ગામમાં આવીને નાઝૂર ઈલાકાના મકાનમાં કિયામ કીધો. આપે તે જગા એક બૈરો સાથે નિકાહ કીધા અને એક ગુલામ સાથે એક લોંડી ખરીદ કીધા. આપે દાઅવતે શરીફહના અરકાનો મિનારને બલંદ કરવા દિન-રાત એક કરી દીધા. **અહલે બૈત (અ.સ.) ના ઇલ્મો ફઝલના ફલકના ચમકતા સિતારા હતા.** દિયાનતદારીમાં આપની મિસાલ આપવામાં આવતી હતી. આપની આ તરહની આઅલા સીરત-અખ્લાકના સબબ સૌજમાર ગામને આસપાસના કબીલાઓમાં આપની ઝિક્ર બાલા થઈ.

અહલુલ બૈત (અ.સ.) ના મઝહબે પાકીઝાનો એજાઝ એવો થયો કે, આપની મજલિસોમાં ઈલ્મી ગુફતગૂ સાંભલવા સેંકડોની તાઅદાદમાં લોગો હાઝિર થાવા લાગા. કિતામા, નફરહ અને સમાતહ કબીલાના લોગો પરચમે શીઈયત-ઈસ્માઈલીયતમાં આવી ગયા. આપ દાઈ અલ-હુલ્વાની હર વક્ત કહેતા કે, "મને અને મારા સાહેબ દાઈ અબૂ સુફયાન (રિ.અ.) ને અહલુલ બૈત (અ.સ.) ના ઈમામે હક્ક તરફથી યહાઁ તમારા વાસ્તે હક્ક અને ખૈર વાસ્તે મોકલેલા છે. એ સાહેબનો હુકમ હમારા માથા ઉપર છે. હમને કહ્યું છે કે, તમેં મગરિબ તરફ શામના શહેરોમાં જાવ. વહાઁ પર મુકીમ થાવ. તે જગાની આબો હવાને દાઅવતે હક્કની તરક્કી વાસ્તે મુનાસિબ-મુવાફિક બનાવો. તે ખરાબ ઝમીન બંજર છે, જેને તમેં તમારા ઈલ્મો હિકમતના પાનીથી ખેડીને પુર-ફસલ ખેતી વાસ્તે તૈયાર કરજો. સાફ અને ખુલ્લી મુકજા. પછી સહી વકત આવે તો તેમાં અમલના બહેતરીન બીજ નાંખજો અને ફસલને સાચવવા વાસ્તે તમેં તનતોડ મહેનત કરજો અને પછી અલ્લાહતઆલાના ફઝલો કરમથી તમેં જોશો કે, આઅલામાં આઅલા ફસલ તૈયાર થાતા વાર નહીં લાગે. **લોગોના મુડદા દિલોમાં તમેં ઇમાનની રૂહ ફૂંકશો તો તે ઝિંદા થઇ જાશે.**"

આ કૌલે મુફીદની ગરઝ એ છે કે, ભટકાયેલા લોગોને આ મિસિલના દોઆતના સબબ સિરાતે મુસ્તકીમ નસીબ થાય. જે લોગોના માથા ઉપર અહદે ઈમામુઝઝમાન (અ.સ.) ની ચાદર નથી, તેઓ ઈમામના સાયએ હકક્કમાં દાખિલ થાય. ઝિંદગીના આખિરી અય્યામ તક આ બેવે દાઈઓ, દાઈ અબૂ સુફયાન અને દાઈ અલ-હુલ્વાની પોત-પોતાના ગામમાં જ મુકીમ રહ્યા અને ત્યાં જ આપની કબરે અન્વર છે. અલ્લાહતઆલા હક્કની જમાઅતના પરચમને બલંદો બાલા રાખે. ✯

**મસ્જિદમાં આવવું મગર તે વાસ્તે દૌલત ના ખરચવી, શયતાનને ખૂબ પસંદ છે.**

## ગરદિશો

દુનિયાની ગરદિશો તેની પીઠ ઉપર રહેનાર હર શખ્સ પર કામ કરે છે. કોઇ તેના પંજા અને કબ્ઝાથી બરી નથી, આઝાદ નથી. અલ્લાહતઆલાએ તેની તખ્લીકે ઈન્સાનીમાં એવા મુખ્તલિફ લોગોની પૈદાઈશ કીધી છે, જેઓ દુનિયાની ગરદિશોને અલગ-અલગ માઅનામાં લે છે. તમામ જાણે છે કે, તેનાથી કોઇને પણ છુટકારો નથી. મગર જો સહી વક્ત પર, સહી તૌરથી, સહી જગા પર કોઈ કામને અંજામ આપવામાં આવે, તો ગરદિશોના નુકસાનથી અને શરારતના ચક્કરોથી નજાત હાસિલ થઈ શકે છે.

અલ્લાહતઆલા વાસ્તે કોઈ બંદો તેના હુકમ મુતાબિક મુખ્લેસાના સાફ દિલથી અમલ કરશે તો તે અમલને **દુનિયાની કોઇ ગરદિશો યા શયતાની મક્કારીઓ બદલી શકશે નહીં.** એક હાલત જે ખૈર હશે તેના પરથી બીજી હાલત જે શર હશે, તે તરફ નહીં લઈ જઈ શકે. યાઅની, રઝામંદીએ રબ્બ વાસ્તે કરવામાં આવેલો અમલ, ઝાયેઅ થાતો નથી. એ બંદાને તે અમલથી દુનિયામાં ફૌરન ફાયદો મિલે યા ના મિલે, મગર બેવે હાલતમાં એ અમલ કરવાથી રૂકશે નહીં. દુનિયાની કોઈ ગરદિશો એનું કઈ જ બિગાડી શકશે નથી. કોઈ તમાઅ-લાલચ બગૈર અમલ કરનાર બંદો અમલ કરે જ છે અને જેના વાસ્તે એ અમલ કરે છે, તે ખુદા પર એનું યકીન એટલું મઝબૂત હોય છે કે, તે એના અમલને કાબિલે કુબૂલ રાખશે જ.

એવા પણ લોગો છે જે આ તરહના ફી-સબીલિલ્લાહ અમલ કરતા નથી. તેઓની લાલચ દુનિયાદારીમાં હોય છે. અલ્લાહતઆલા તરફથી તે પસંદીદહ અમલ હોતો નથી. લેહાઝા, દુનિયાની ગરદિશો તેને ઘેરી લે છે. **તે અમલ શયતાનના તીરોનો નિશાન બની જાય છે.** તે અમલ સવાબથી ખાલી હોય છે. જો તે અમલથી એ બંદાને કોઈ ફાયદો હાસિલ ના થયો તો એ તે દરમિયાનથી જ છોડી દે છે. શરીઅતની કોઈ બંદિશ તેના ઉપર હોતી નથી. આમ કરવાથી દુનિયાની ગરદિશોનો તે અમલ લુકમો-કોલીયો બની જાય છે. તેમાં બંદાનો વક્ત, માલ અને તાકત તમામ ઝાયેઅ થઈ જાય છે. ✫

---

(પેજ નં. ૭ નું બાકી)

બાતિલ બતાવી અને કહ્યું કે, "અવ્વલની બયઅત હંગામી હતી. યાઅની કે, શરારત અને ફસાદથી ભરેલી હતી, અલ્લાહતઆલા એના શરથી ઉમ્મતને બચાવે. સરદારીને વાસ્તે તો હું જ લાઈક હતો. આ પછી અવ્વલ કોઈ ગલતી કરે, સરદારી કરવામાં કોઈ નારવાઁ હરકત કરે તો, અય લોગો ! એને ઝિંદા ના છોડજો."

તઅજ્જુબની બિના તો એ છે કે, જે બોલનાર છે એ જ ખુદ ગલતી કરનાર છે. જેના કહેવા પર ગલતી કરનારે ગલતી કીધી એને કત્લ કરવાનો હુકમ પણ કરે છે. લોગો પણ જાણે છે કે, ગલતી કરનાર અવ્વલે પોતાની મરઝીથી તે કામ નથી કીધું. લેહાઝા, કત્લના હુક્મને બાવુજૂદ કોઈ એને કત્લ કરતું નથી. અવ્વલને સરદાર બનાવવામાં સાનીએ મરકઝી અને અહમ કિરદાર અદા કીધો હતો અને હાથ પકડીને ઊંચે ચઢાવવામાં હર વક્ત પૈશકારી કીધી હતી. સાનીએ જ તો બઢી-ચઢીને લોગોને દરમિયાન પોતાની મઝફૂલીયત અને જેહાલતનો એમ કહીને ઈકરાર કીધો કે, **" અગર મૌ. અલી ના હોતે તો આ સાની હલાક થઇ જાતે. "** એમ પણ કહ્યું કે, "આ અલી જેવા ફરઝંદે બાકમાલ દુનિયામાં કોઈ માઁ પૈદા ના કરી શકી." "અય અલી ! જે જગા પર તમેં ના હોવ તે જગા પર મને અલ્લાહ ના રાખે."

ગરઝ કે, જેહારન, ઝાહેરન, ખુલ્લમ ખુલ્લા આ તરહનો એતેરાફ કીધા બાદ આ જ લોગો ઉમ્મતના જાહિલોને સવાલ કરે છે કે, શું હમેં રસૂલે ખુદા બાદ સરદારીએ ઉમ્મત વાસ્તે ઝિયાદહ લાઈક હતા કે, અલી લાઈક હતા? ફાઝિલ તો એ જ શખ્સ કહેવાય કે, જેનાથી ઉમ્મતના લોગો હિદાયત લે અને ભટકેલાઓને હક્ક તરફ લઈ જાય. આ સિલસિલામાં ઘણા એવા રાઝો છે જે દાઅવતે હાદીયહની બેશુમાર કિતાબોમાં પિન્હા છે. હમેં ચાહીએ તો ઘણા પડદા ઊંચા કરીને હકીકતને આશ્કાર કરી દઈએ, પણ અઈમ્મતે તાહેરીનનું ફરમાને ખાસ છે કે, **" વક્ત પહેલા યા ગૈર લોગોના દરમિયાન એવા રાઝ ઝાહિર ના કરવા જોઇએ જહાઁ તક કે, મુનાસિબ ઝમાનો અને હમ્વાર હાલાત ખુદ-બ-ખુબ તે હકીકતોને રોશન ના કરી દે. "** ✫

**ખૈર કામ બાદ ગીબત કરવી, શયતાનને ખૂબ પસંદ છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૪
## અલવી અકીદાઓ - અકીદો - ૪૦

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

આ તરજુમાને તરતીબ આપનાર, હમેં ખાકસાર ગુનેહગાર, ઈમામે હક્કના સઝાવાર, પોતાના કલીલ અને કાસિર ઈલ્મથી કારેઈનની તવજ્જોહ અપના ઈસ્માઈલી-તૈયેબી અકાઈદની તારીખી હકીકત તરફ અપાવીએ છે કે, અપની ફાતેમી ઈમામતના અકીદાઓ એકાએક વુજૂદમાં આવા નથી, પણ જેમ જેમ ફાતેમી સલ્તનત ઈસ્લામી મુલ્કોમાં ફેલાઈ અને અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ મુખ્તલિફ જઝીરાઓમાં દાઅવતે હાદીયહને નશર કરવા દોઆતે બલાગને મોકલા, તેમ તેમ અપના ઈસ્માઈલી અકીદાઓની સાચી સમઝ તે જગાઓના અહલમાં પહોંચાવી.

આ જગાઓમાં લોગોના હાલાત એવા હતા કે, દુશ્મનાને અહલે હક્કના સબબ પહેલાથી જ તેઓમાં બદ અકીદાઓ ફેલાયેલા હતા. લેહાઝા, સૈયેદના કાઝી નોઅમાન (આ.કુ.), સૈયેદના અબૂ યાઅકૂબ અસ-સિજિસ્તાની (આ.કુ.), સૈયેદના અહમદ બિન ઈબ્રાહીમ અન-નિસાબૂરી (આ.કુ.), સૈયેદના હેબતુલ્લાહ અલ-મુઅય્યેદ ફિદ્દીન અશ-શીરાઝી (આ.કુ.) અને બીજા દોઆતે ઝુહૂરે હસ્બે ઝરૂરતો ઈમ્કાન અપના અકાઈદ પર મુન્હસિર-મબ્ની કિતાબોની તાલીફો તસ્નીફ ફરમાવી. આ દોઆતમાં સૈ.અબૂ યાઅકૂબ અસ-સિજિસ્તાની (આ.કુ.) અને સૈ.અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની (આ.કુ.) ની અદબી-ઈલ્મી ખિદમાત માયએ નાઝ અને કાબિલે ઝિક્ર છે.

યહાઁ તક કે, ૨૧માં ફાતેમી ઈમામ અબુલ કાસિમ મૌ.તૈયેબ (અ.સ.) ની સતરપોશી તક દાઅવતે ફાતેમીયહના ઐન-અહમ અકીદાઓ આલમે ઈસ્લામમાં અયાઁ-બયાઁ થઈ ચુકા હતા. **તેમાંથી કેટલાક મજમૂઇ શિકલમાં તો કેટલાક મુતફર્રિક તૌર પર મશ્હૂર હતા.** લેહાઝા, ૬ સદી હિજરીના આખિરમાં યમનના પાઁચમાં દાઈએ મુત્લક સૈ.અલી બિન મોહંમદ બિન અલ-વલીદ (આ.કુ.) ના ઝમાનમાં આપના પૈશે નઝર અપના બુનિયાદી અકીદાઓની દેરાસત-પઢાઈ અને મુતાલેઆને વાસ્તે બેશુમાર કિતાબો મૌજૂદ હતી.

એક મુકમ્મલ-મુફસ્સલ કિતાબ કે, જેમાં અપના તમામ અકીદાઓ શામિલ હોય, તેની કમીને પૂરી કરવા ફિકેહ, અખ્બાર, સીરત, ઈસ્તિદલાલ, બરાહીન, તરબીયત વગૈરહની સેંકડો કિતાબોમાંથી અલગ-અલગ તૌર પર મુન્તશર અપના અકીદાઓના બયાનાતને ખૂબ મશક્કતથી આપે એક જગે જમા કીધા. પછી સલીસ-સાદા અલ્ફાઝમાં આ અકીદાઓને ઢાલીને, **ખૂબસૂરત મિસાલો સાથે તેને ઝીનતદાર કરીને,** કાબિલે કુબૂલ અંદાઝે બયાનીથી દરજહ-બ-દરજહ તરતીબ ફરમાવા.

આપના વાસ્તે આ આસાન કામ ન્હોતું, ઘણો જ ભારી અને મુશ્કિલ અમર હતો, જેનો બાર-બોઝ આપે ઉચકો. આપે એ તરહથી અને એ હૈસીયતથી અપના અકીદાઓને કલમબંદ કીધા કે, અગર કોઈ તાલિબે ઈલ્મ, કારી યા દેરાસત કરનાર શખ્સ આપના આ કિતાબના પહેલેથી આખિર તક તેના મઝમૂન-ટોપિકસને બરાબર મન લગાવીને પઢે, તો ઈન્સાનની પૈદાઈશ-ખિલ્કતની ઈબ્તેદાથી એના મઆદ-આખેરત તક યાઅની ઈન્તેહાએ વુજૂદ તક, એના **મઝહબ, દીન, આઅમાલ, અરકાને શરીઅતને લગતા તમામ અકીદાઓની** એક દિલચસ્પ લડી અને મુકમ્મલ સિલસિલો એની નઝરને સામે આવી જાય.

આપના આ કિતાબમાં અકીદાઓનો એક દિલચસ્પ આઈનો નઝર આવે છે કે, જેના પરથી એક મુખ્લિસ મુમિનની નઝર હરગિઝ હટી શકતી નથી. પઢનાર ના દિલમાં એક અજબ તરાવત જાગે છે અને એને દીને હક્ક સાફ

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**નસીહત સાંભલા બાદ ભુલી જાવું, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

નઝર આવે છે. જેમ જેમ એક-એક અકીદાની બયાની એ પઢે છે, તેમ તેમ એના ઈલ્મમાં, ઝહેનમાં ગૈર-માઅમૂલી ઈઝાફો થાતો રહે છે. અપના ઈસ્માઈલી-તૈયેબી મઝહબનો એક મુકમ્મલ નિઝામનો ખાકો અને મઝબૂત આઅમાલનો પાયો એને હાસિલ થઈ જાય છે.

આપની કુનેહ, ઈલ્મીયત, ઝહાનત અને ઊલૂમે દાઅવતની દેરાસત પર ઊબૂર હરએક અકીદાની બયાનીમાં અને તેના મઝમૂનની બંદિશમાં નઝર આવે છે. મૌલાતોના હુર્રતુલ મલેકહ (રિ.અ.) બાદ આપે ૫૩૨ હિ. થી આપના પહેલા ચારે ચાર દોઆતે કિરામ (આ.કુ.) ની ખિદમત બજા લાવી છે અને તેઓથી જ ઈલ્મે હક્કને હાસિલ કીધું છે. **આપની ખિદમતની ઝલક અને દોઆતે હક્કના ઇલ્મનો મેઅયાર આ કિતાબના હર સફહા પર નુમાયા થાય છે.** હકીકતમાં એ કે, કોઇએ આ કિતાબ મુખ્લેસાના તૌર પર એના મુઅલ્લિમ-હદેઆલીને નઝદીક પઢી લીધી હોય, ગહેરાઈ-બારીકબીનીથી મુતાલેઓ-દેરાસત કરી લીધી હોય, તો કોઈ સવાલનો કરનાર સાઈલ એને અપના મઝહબે હક્ક-દીને કામિલનો કોઈ પણ સવાલ કરે, તો બિલાશક આ કિતાબના ઝરીએ એ તમામ જવાબ આપી શકે છે અને એના દિલને શિફા બખ્શી શકે છે.

**અકીદો ૪૦ :** ફાઝિલ શખ્સની હાઝિરીમાં મફઝૂલની ઈમામત નાજાઈઝ છે. યાઅની કે, અદના દરજાનો શખ્સ, આઅલા દરજાના શખ્સ પર હાવી ના થઈ શકે.

હમારા આ અકીદાની બુનિયાદ કુરઆને કરીમની સૂરતે યૂનુસ ની ૩૫ મી આયતે શરીફહ છે. તેની માઅના એ છે કે, "કહો આપ ! ભલા તમારા ભાગીદારો-બુતો-શરીકો માંથી તે છે કે જે બીજાને સાચો રસ્તો બતાવે ! આપ કહો કે, અલ્લાહતઆલા હક્કની તરફ હિદાયત આપનાર છે. ભલા તમેં જોવ તો ખરા કે, તબાઅત-પૈરવી કરવાને લાઈક-હક્કદાર કૌન છે, બહેતર કૌન છે, તે શખ્સ કે જે રાહે હક્ક બતાવે યા તે શખ્સ કે જે રાહ પર આવે નહીં મગર જે વક્ત કે એને રાહ બતાવવામાં આવે ! તો શું થઈ ગયું છે તમને ? આ કેવો હુકમ તમેં કરો છો !!"

આ આયતનો મફહૂમ અને ખુલાસો એ છે કે, જે હક્કની તરફ લોગોને હિદાયત આપે છે, એ શખ્સ તાબેઅદારીનો ઝિયાદહ હક્કદાર છે એ શખ્સ કરતા કે જે ખુદ હિદાયતનો મોહતાજ હોય ! અય લોગો ! તમને શું થઈ ગયું છે, તમેં કઈ તરહથી ફેસલા કરો છો ? આ આયતે શરીફહ માં **"યહદી ઇલલ હક્ક"** થી મુરાદ ફાઝિલ આઅલા દરજાના સાહેબની છે. **"અમ્મન લા યહિદ્દી ઇલ્લા અંય યોહદા"** થી મુરાદ મફઝૂલ અદના દરજાના શખ્સની છે. બેવેનો મુકાબેલો કરીને બતાવવામાં આવું છે કે, ફાઝિલ શખ્સ રાહનુમાઈ કરે છે અને મફઝૂલ શખ્સ ખુદ હિદાયતનો ઝરૂરતમંદ છે જે ફાઝિલથી અદના-નીચો હોય છે. **તેથી મફઝૂલ શખ્સ ઇમામ યા હાદી થઇ શકતો નથી.**

આ આયતે શરીફહની રોશનીમાં હમેં જોઈએ છીએ કે, રસૂલુલ્લાહ બાવાજી ના ઈન્તેકાલ બાદ ફક્ત મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) જ હતા, જે લોગોને હિદાયત આપતા હતા અને તમામ અસ્હાબે રસૂલ મૌ.અલીના ઈલ્મો ફૈઝના મોહતાજ-તલબગાર હતા. રસૂલુલ્લાહ બાવાજી શહેરે ઈલ્મ છે, તો મૌ.અલી તેના દરવાઝા છે. મૌ.અલી, કેયામતના દિન તક ઉમ્મતના અઝીમમાં અઝીમ કાઝીનો લકબ અને શરફ રાખે છે. કહેવાતા ઉમ્મતના ઠેકેદારો કે જે રસૂલુલ્લાહ બાવાજી સાથે કરીબી રિશ્તેદારીનો દાઅવો તો કરતા હતા, પણ આમ-અદના ઝઘડામાં ફેસલો આપવામાં મૌ.અલી (અ.સ.) ના મોહતાજ હતા.

આપ મૌ.અલી, રસૂલુલ્લાહ બાવાજી સિવાય કોઈ પણ આયતે શરીફહના માઅના-મફહૂમને સમઝવા વાસ્તે કોઈના નઝદીક ગયા ન હતા. આપ ઈલ્મે લદુન્નીના ગૌહર-જૌહરથી આરાસ્તા હતા, તેથી હર કોઈ શખ્સ આપના પાસે

(બકીયહ પેજ નં. ૭ પર)

**ઈલ્મ પઢાવનાર હોય અને જાહિલ રહેવું, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૬ નું બાકી)

મોહતાજે ઈલ્મ બનીને સર ઝુકાવીને આવતો હતો. યહૂદી-નસ્રાની આલિમોના હર કોઈ સવાલાત-એતેરાઝાતના આપ બાખૂબી જવાબ આપતા હતા. પોતે બની બેસેલા ઉમ્મતના ઠેકેદારો પોતાની જેહાલતની બિના પર એક સવાલનો સીધો જવાબ પણ આપી શકતા ન હતા. યાઅની કે, **ઇલ્મો ફઝલમાં, કમાલો અમલમાં આપ મૌલાથી ઝિયાદહ કોઇ વધીને ન હતું.** તે વાસ્તે આપના સિવાય કોઈને પણ હક્ક પહોંચતો ન હતો કે, એ ઉમ્મુલ ઉમ્મત - રઈસે કૌમ યા કાઈમ મકામે રસૂલ હોવાનો દાઅવો કરે. આપ ફક્ત ઈલ્મ અને ફઝીલતમાં ઊંચા અને બરતર ન હતા, પણ આપની વિલાદતની પાકીઝગી, તેની જગા-વક્ત તેમજ ઈન્તેઝામે ઈલાહી પણ બેજોડ હતો.

આપની ઝિંદગીની શુરૂઆતથી જ આપે કુફ્ર અને શિર્કથી દૂરી ઈખ્તેયાર કીધી હતી. આના સબબ આપને અલ્લાહતઆલાએ ખિલાફતે રસૂલ વાસ્તે તમામથી ઝિયાદહ હક્કદાર બનાવી દીધા હતા. કુરઆને કરીમમાં એક આયતે શરીફહમાં ઈરશાદે ઈલાહી છે કે, **"બેશક ! શિર્ક મોટો ઝુલ્મ છે."** આ રૂત્બએ ઈમામત અને દરજએ ખિલાફત ઝાલિમ લોગો કોઈ વક્ત હાસિલ કરી શકતા નથી. અલ્લાહતઆલા તરફથી આ ખિલાફત એક અઝીમ નેઅમત છે અને જ્યાં ઝુલ્મ હોય ત્યાં આ નેઅમત પહોંચતી નથી. કોઈ શખ્સ આઁખના એક પલકાર બરાબર પણ અલ્લાહમાં શિર્ક કરે એને દરજએ ખિલાફત મિલી શકતો નથી. **આ નેઅમત તો તૈયેબીન-તાહેરીન તેમજ અલ્લાહના પસંદીદહ આલિમો જે હક્કના ફાતેમી ઇમામો છે, તેઓની જ મીરાસ છે.** આપ મૌ.અલીએ ખાનએ કાઅબામાં પૈદા થાતા જ ખાલિકે અકબરની હુઝૂરમાં સજદો કીધો, કોઈ બુત-સનમ સામે આપના સરને ઝુકાવું નહીં અને રસૂલુલ્લાહ બાવાજીના કોઈ પણ અમરને તસ્લીમ કરવામાં રૂકા નહીં. આના બરખિલાફ બીજા ઘણા અસ્હાબ પહેલા બુતપરસ્ત હતા યા બીજા મઝહબના હતા અને પછી દીને ઈસ્લામમાં દાખિલ થયા.

આપ મૌલા મુશ્કિલકુશાએ દોજહાઁ, જાહિલીયતના ઝમાનામાં પણ જે વક્ત આપનું બચપણું હતું, ન તો આપે જૂઠ નો સહારો લીધો, ન તો ખુશામદ, નિફાક, ધોકેબાઝી યા ફરેબી જેવી બદીઓમાં આપ ગિરફતાર હતા. અલ્લાહતઆલાએ તમામે તમામ ખરાબીઓથી આપને પાકો સાફ કીધા હતા. આના સબબ આપના કિરદાર, અખ્લાક અને સીરત શુરૂથી જ તૈયેબહ-તાહેરહ હતી. રસૂલુલ્લાહ બાવાજીએ કોઈ વક્ત પણ કોઈ મૌકા પર આપ મૌલાના ઉપર કોઈને સરદાર નથી બનાવા, પણ બીજા કહેવાતા નઝદીકી અસ્હાબ પર નાના-અદના શખ્સને સરદારી યા સિપેહસાલારી સિપૂર્દ કીધી છે. યાઅની કે, રસૂલુલ્લાહ બાવાજીની ઝિંદગીમાં આપ હમેશા ફાઝિલ રહ્યા, કોઈ વક્ત પણ આપે લોગોના દરમિયાન નીચી વાત કીધી નથી અને લોગોને પોતાના દરજહથી બહેતર બતાવા નથી. બીજાઓએ તો લોગોમાં જઈને એમ પણ બકવાસ કીધી હતી કે, અગર હું તમારાથી બહેતર ના હોવું, ગલત કામ કરૂં, વાંકા-ચુકા રસ્તા ઉપર જાઉં, જેહાલતનો રસ્તો પકડું, **તો તમેં મને સીધો રસ્તો બતાવજો !** શું આ મુજબ બોલનાર લોગોથી ફાઝિલ હોય શકે ?

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપ મૌલાનો હક્કે વસાયત આંચકી લેનારાઓ પણ પોતાની જેહાલત અને કમતર હોવાનો તેમજ આપને તમામ કરતા ઈલ્મો હિકમતમાં બરતર અને ફાઝિલ હોવાનો હમેશા ઈકરાર કીધો હતો. તમામ બીજા અસ્હાબે આપ મૌલાથી મફઝૂલ હોવાનો એતેરાફ કીધો હતો, જે ઉપરના બયાનથી સાબિત છે. આપ મૌલાએ આપની ઝાહિરી ખિલાફતનો ખુત્બો પઢો તો આ શાનના કલેમાત આપે ફરમાવા, **"હાહોના ઇલ્મુન જમ્મુન, સલૂની કબ્લા અન તફકેદૂની, સલૂની અમ્મા કાના વ અમ્મા યકૂનો ઇલા યૌમિલ કેયામહ."** યાઅની કે, આપે આપના ઈલ્મનો મેઅયાર બતાવો અને આપને જ સવાલ કરવાની રગબત અપાવી.

આના બરખિલાફ અવ્વલે કહ્યું કે, "જો હું ગલતી કરૂં તો તમેં મને સુધારી દેજો. હું આડો-અવલો થાઉં તો તમેં મને સીધો કરી દેજો. હું શું કરૂં ? ઘણો બેબસ છું. એક શયતાને મને બહેકાવો છે." આપ મૌલાએ ફરમાવું કે, મારા શફીક બાવાજી રસૂલુલ્લાહએ મને ઈલ્મ શીખાવું છે, તેથી હરગિઝ હું ગલતી કરી શકું નહીં. ખુદ સાનીએ અવ્વલની સરદારી

(બકીયહ પેજ નં. ૪ ૫૨)

**વલાયતે અલી (અ.સ.) બગૈર કુરઆન પઢનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) બૈતુલ ખલા-સંડાસ-પાખાનું નાપાકીની જગા છે. લેહાઝા, તેમાં દાખિલ થાતા ----- પગને આગલ કરવાનું ફરમાન છે. (૨)

૨) જે શખ્સ ------ ને પસંદ કરતો હશે, તો એ ઈબાદતમાં ઘણો-ઘણો કમ્ઝોર હશે. (૩)

૩) રિશ્તાઓમાં ------ ના પડે તે વાસ્તે ખુશી-ગમીના અવસરો પર સગાં-વહાલાને મિલા કરો. (૩)

૭) સુવાવડ બાદ માઁ, એના બચ્ચાની સેહત વાસ્તે ઝિયાદહ તર વરિયાલી નહીં, મગર ------ ખાય છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આ તરહ દોઆ ફરમાવે છે કે, "અય ખુદાતઆલા ! તું મુમેનીનને હર વક્ત ------ શાદ રાખજે. હર બલા-આફતથી મહેફૂઝ રાખજે."(૩)

૪) મક્કા શહેરને બાહર જે ગુફામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર અલ્લાહતઆલા તરફથી પહેલી વહ્ય નાઝિલ થઈ હતી, તેને ગારે ----- કહેવાય છે. (૨)

૫) અગર કોઈ શખ્સ ------ ના દાના બરાબર પણ અમલ કરશે અને એ તેને કોઈ પત્થરને નીચે છુપાવી દેશે, તો પણ અલ્લાહતઆલા એ શખ્સના નઝદીક યૌમે હિસાબ તે અમલને લઈને બતાવી દેશે. (૨)

૬) ------ જમવાથી અલ્લાહતઆલા તેના બંદાના દિલને મોમ કરે છે અને આઁખોમાં નમી પૈદા કરે છે.(૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખા | | |
| | ય | મી | ન | |
| સા | કી | ╳ | ઝ | ન |
| | ન | ર | મ | |
| | | સી | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુમાદિલ ઉખરા મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અકસર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

## જુમ્આના દિનની ફઝીલત

ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ ફરમાવું કે, જુમ્આની રાત, તમામ બીજી રાતોની રઇસ છે અને તેનો દિન તમામ દિનો કરતા રૌશન છે. મુમિન બંદો યા મુમેના બૈરો અગર જુમ્આની રાતે ગુઝરી જાય તો અલ્લાહતઆલા તેને કબરના અઝાબથી આઝાદ કરી દે છે. જુમ્આના દિન ઝવાલ તક નાફેલત અને દીગર નમાઝ પઢવાની રૂખસત આવેલી છે, કેમકે જહન્નમ તે વક્ત સીલગાવવામાં આવતી નથી. આપ એમ પણ ફરમાવે છે કે, જુમ્આના દિનનો ગુસ્લ મુકવો ન જોઇએ કેમકે તે સુન્નતમાં શુમાર છે. તે ગુસ્લ આમ તૌર પર ઝવાલ પહેલા કરવો જોઇએ. જુમ્આના દિન ઇતર લગાવવામાં રગબત આવેલી છે. નૈક ફાખિર-નૂરાની લિબાસ પહેરવો ઘણો જ પસંદીદાહ છે. ✯

**યૌમુલ જોમોઅહની નમાઝમાં શામિલ ના થાનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

**રઝાએ ઈમામુઝ્ઝમાન (અ.સ.) બગૈર અમલ કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## મરસીયહ
## માઁ ફાતેમા ઝેહરા (અ.સ.)

ખાતૂને ખુલ્દ અર્શ કી ઝૈબા હે ફાતેમા,
ઈફ્ફત નિસાર જિસ પે વો ઝુબ્દા હે ફાતેમા,
ઉમ્મે અબીહા પાયા જો રુત્બા હે ફાતેમા,
દુલ્હન અલી કી બિન્તે ખદીજા હે ફાતેમા,
ઈસ્મત ભી પાસ્બાઁ થી જનાબે બતૂલ કી,
આગોશ મેં પલી થી જનાબે રસૂલ કી.
ઘરમેં બતૂલ આતી તો ઉઠ જાતે થે નબી,
આઝુર્દા ફાતેમા કો ન ફરમાતે થે અલી,
બિલ્કીસ સે ઝિયાદહ થી તસ્વીર નૂર કીં,
મરિયમ સે ફૌક ઝોહદ મેં બિન્તે રસૂલ થી,
દેખે કોઈ બતૂલ કો દેખા બસીર કો,
શમ્એ ઈલાહ કહેતી થી શૌહર અમીર કો.
હાશિમ કી ખાનદાન મેં ઝહરા થી નૈક તર,
મુમ્તાઝ થી અલી કી નમાઝોં સે સર-બ-સર,
શિકવા ન ભુખ-પ્યાસ કા રખતી થી ખુશ સેયર,
ખૌફે ખુદા કો રખતી થી દિન-રાત નૌહાગર,
એક શબ મેં જિતની રકઅતેં પઢતી નમાઝ કી,
જિબરીલ લે કે જાતે થે ગિન્તી નમાઝ કી.
શાદી બતૂલ કી ભી હુઈ સબ સે હી જુદા,
મહેમૂદને નિકાહ ફલક પર પઢા ભી થા,
જિબરીલ ને લુટાયા વહાઁ પર ગુલો હિના,
આબો નમક કો મહેર મેં અલ્લાહને બખ્શા,
તસ્બીહ ફાતેમા કી જો ફિરતી હે હાથ મેં,
રખ્ખા ઉસે ખુદાને નમાઝોં કે સાથ મેં.
દસવેં બરસ કે સિન મેં દુલ્હન ફાતેમા બની,
અઠરા બરસ કી થી કે બાબા સે છુટ ગઈ,
દો બેટેં ઔર દો બેટીયાઁ માઁ ફાતેમા કી થી,
વક્ત આયા મૌત કા તો અલી સે યે કહેતી થી,
ચારોં ગૌહર બતૂલ કી દૌલત હે મુરતઝા,
બાદે બતૂલ આપકી રાહત હે મુરતઝા.
રાહત ઈન્હીં સે પાઓગે યા શાહે ઝુલ-મેનન,
બોલે અલી કે સબ સે જુદા હે તેરા ચલન,
નક્શે અલી હે ફાતેમા એક-એક તેરા સુખન,
હે નામ તેરા ફાતેમા ભી કલ્બે પંજતન.
દુનિયા સે ફૌત હોના તેરા દર્દમંદ હે,
ઉલ્ફત ભરા હુવા મેરા યે એક બંદ હે.
ઉલ્ફત તેરી ભુલેગી અલી સે ન ઝિન્હાર,
બીબી તેરી ભી મુઝ પે રહા રાત-દિન હી પ્યાર,
દુશ્વાર તેરા મરના હે હયદર પે આશ્કાર,
જન્નત મેં ભુલના ન મુઝે બહેરે કિર્દગાર,
તુરબત પે તેરી આના ન છોડુંગા ફાતેમા,
અશ્કોં સે રાત-દિન ઉસે ધોઉંગા ફાતેમા.
આઉં લહદ પે તેરે પઢું મૈં સલામ કો,
રદ્દ કરના ન, અય ફાતેમા મેરે કલામ કો,
દેના જવાબ જબ સુનો મેરે પયામ કો,
શિક્વા ન કરના કોઈ ભી ખૈરૂલ અનામ કો,
અય ફાતેમા, અલી કી મોહબ્બત ન ભુલના,
હર શબ કો ખ્વાબ મેં મેરે આના ના છોડના.
કહેતી થી ફાતેમા ભી કે અય મુરતઝા અલી,
બેહુક્મ આપકે ન કિયા કામ ભી કોઈ,
તુમ હો સખી ઔર મૈં ભી સખી ખાનદાઁ સખી,
દુનિયા કે માલ સે ન ગરઝ રખતેં હૈં કભી,
કોહના રિદા હે સર પે ઉસે રહેને દીજીએ,
ઈસ્મત કી ચાદર હક્ક ને અતા કી હે દેખીએ.
ચાદર યે પાક મેરે સિવા કિસ ને પાઈ હે,
ઝોહરા સિતારે સે મેરી સૂરત બનાઈ હે,
ખિદમત ઈલાહુલ અર્ઝ કી ઝહરા બજાઈ હે,
યે ભી હે બાત સચ કે યે ગરદૂં સતાઈ હે,
બાદે રસૂલ રાહતેં ઉમ્મત ન દી મુઝે,
બયતુલ હઝન મેં રોને ભી ઉમ્મત ન દી મુઝે.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**ફજરની નમાઝને ઝાયેઅ કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૯ નું બાકી)

રસ્સી મેં બંધે આપકો દેખા બતૂલ ને,
બાગે ફિદક કો હાથોં સે ખોયા બતૂલ ને,
કુન્ફુઝ કે ભી ઝુલુમ કો હે ખાયા બતૂલ ને,
મોહસિન કો ગોદ મેં ન ખિલાયા બતૂલ ને,
સબ મુશ્કેલાત આઈ હે મેરે નસીબ મેં,
તકસીર હો મુઆફ અલી હું ગરીબ મેં.
બચ્ચે પે આઁચ આએ બુરી ના અય બૂતુરાબ,
હસનૈન દોનોં ફૂલ હૈં કુમ્લાએ ના જનાબ,
આફત જો પહુંચી રૂહ મેરી હોએગી કબાબ,
ઝહરાને જો કહા થા વો હી હો ગયા શેતાબ,
પર ક્યા કરૂં કે સાબેરહ મેરા હી નામ હે,
ઉમ્મત બુરા કરે ન હમારા યે કામ હે.
ઝૈનબ હુસૈન ભાઈ કી રહેના નિગેહબાન,
મારે કહીં બુલાકે ના દિલબર કો દુશ્મનાન,
આલે અબા કા કરતા હે ખલ્લાક ઈમ્તેહાન,
કર લે કહીં દગા સે ના બેટે કો મહેમાન,
ઝહરાને દી સદા વો હી વલ્લાહ હો ગયા,
મહેમાન કરબલા કા હુસૈન આહ હો ગયા.
ઝહરા લહદ સે નિકલી ચલી સૂએ કરબલા,
બાલોં સે લત કો ઝાડ દિયા બિન્તે મુસ્તફા,
સર ગોદ મેં ઉઠા કે મોહંમદ કો દી સદા,
અય બાબા, મેરે બચ્ચે કો મારા ગઝબ કીયા,
ઉમ્મત સે કહેને આઓ કે તકસીર ક્યા હુઈ,
ઝહરા કે લાડલે કી વો તૌકીર ક્યા હુઈ.
અહમદ કે શેહસવાર પે જલ્લાદ હે સવાર,
યા મુસ્તફા હુસૈન કો કરતેં નહીં હો પ્યાર,
ફરકે હુસૈન દેખકે ઝહરા હે બેકરાર,
ગશ આ રહા હે મુઝ કો, અય ઉમ્મત કે હિર્દગાર,
ઝહરા કો બાદે મૌત ભી રાહત નહીં નહીં,
અય બાબા, નેક આપકી ઉમ્મત નહીં નહીં.
ઈસ કત્લ સે વો સદમા મિલા ફાતેમા કો આહ,
રાકિબ થા શિમ્ર ઔર થા મરકબ વો દીં–પનાહ,
છાતી પે દેખ શિમ્ર કો ઝહરા પુકારી આહ,
સદમા યે મેરી રૂહ પે ભારી હે યા ઈલાહ,
જિબરીલ જિસકો પર પે બિઠાએ હે વો હુસૈન,
જિબરીલ જિસકા ઝૂલા ઝુલાએ હે વો હુસૈન.
ગોદી મેં ફાતેમા કે પલા વો હુસૈન હે,
પુશ્તે નબી પે જાકે ચઢા વો હુસૈન હે,
રાહિબ કો બેટે સાત દીએ વો હુસૈન હે,
અકબર જવાઁ કા દાગ સહા વો હુસૈન હે,
હયવાઁ કી તરહ બેટા મેરા ઝબ્હ હો ગયા,
બેકલ હે ઝહરા બેટા મેરા ઝબ્હ હો ગયા.
યા મુસ્તફા તુમ્હીં સે મૈં લુંગી હુસૈન કો,
ઘોડોં સે રૌંદતે હૈં મેરે નૂરેઐન કો,
દેખો ઝરા રસૂલે શહે મશરેકૈન કો,
બરબાદ ઉમ્મત કરતી હે ઝહરા કે ચૈન કો,
ઈસ માજરે કા ચાહુંગી ઈન્સાફ હશ્ર મેં,
સર ખૂઁ ભરા હુવા યે બતાઊંગી હશ્ર મેં.
ખૈમા હુસૈન કા લુટા ઝહરાને આહ કી,
સર નંગે કૂફા ઘર ચલા ઝહરાને આહ કી,
બઝમે યઝીદ મેં ગયા ઝહરાને આહ કી,
કુંબા અસીરે ઝુલ્મ થા ઝહરાને આહ કી,
ઝાકિરઅલી ખામોશ બહુત દિલ ઉદાસ હે,
ઈસકા સવાબ અબ તેરા ઝહરા કે પાસ હે. ✯

**તિજારત**

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ✯

**જમી રહ્યા બાદ હમ્દે ખુદાને તર્ક કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૫

### કિતાબ : તન્બીહુલ ગાફેલીન
### સૈ.હાતિમ સાહેબ (આ.કુ.)

શીયઆને હક્ક પર, મુમેનીન પર ઘણી મુસીબતો આવે છે. ઝાલિમો ખૂબ ઝુલ્મો જબર કરે છે. દર-બ-દર કરે છે. લાચાર અને બેબસ બનાવે છે. સીનાન કહે છે કે, મૈં મારા મૌલા ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) ને અરઝ કીધી કે, આપ પર એતેકાદ રાખનાર અને આપની ઈમામત પર તકીયો રાખનાર શીયાઓ માંથી કોઈ મરદ, હાકિમ બાદશાહ તરફથી લોગો પર વાલી બનીને આવે અને આપના તેમજ આપના શિઆઓના દુશ્મનો-મુખાલિફો સાથે દીની રિશ્તો રાખે, ભલાઈ-એહસાન કરે, હરામકારી માં સાથ આપે, હરામના માલમાં હિસ્સેદાર બને, મગર એ મરદને (વાલી) નઝદીક આપના માનનારાઓ માંથી આવે કોઈ વજેહમાં યા કામમાં એનાથી મદદ તલબ કરે, ભલાઈ-ખૈરનો સવાલ કરે અને એ મરદ આપના શીઆનું ના સાંભલીને એને ઈન્કાર કરી દે, તરછોડી દે, બેઈઝઝત કરીને કાઢી મુકે, તો આપ એ મરદ વાસ્તે શું કહો છો ? ઈમામે હક્કે ફરમાવું કે, “અય સીનાન ! એ મરદ હમારામાંથી નથી. **એ અગર કોઇ જગાનો વાલી બને તો હમારી નઝરમાં એની કોઇ ઇઝઝત નથી.**”

અબ્દુર્રહમાન બિન હુજ્જાજથી રિવાયત છે કે, જે વક્ત હું ઈમામે હક્ક નઝદીક બેસેલો હતો, તે વક્ત શીઆઓ માંથી એક મરદે આબિદ પધારા. સલામો તહીયાત બાદ આપના નઝદીક પગ વાલીને બેસા. આહિસ્તાથી આપના નઝદીક કોઈ હાજિતની ફરીયાદ પૈશ કીધી. એની અરઝ પર આપ ઈમામે ફરમાવું કે, “અય ભાઈ ! તમેં બાદશાહ પાસે જઈને આ હાજિત પૈશ કરો. તમારી આ ફરિયાદને હલ કરવા તમેં બાદશાહના મહેલમાં કોઈ કામકાજ કેમ નથી કરતા ?”

મરદે જવાબમાં કહ્યું કે, અય મૌલા ! ખતા મુઆફ થાય, મગર આપ તરફથી હમને ફરમાન થયું છે કે, બાદશાહોને નઝદીક કોઈ પણ હાજિત લઈને જાવું હરામ કીધું છે. ઝાલિમ બાદશાહોને નઝદીક શીઆઓ વાસ્તે કોઈ ઈઝઝત અને નસીબ નથી. આપે ફરમાવું કે, “હરગિઝ નહીં ! રઈયત વાસ્તે બાદશાહો હરામ નથી. રઈયતમાં શીઆઓ શામિલ જ છે. તમારા ઝહેનથી આ વાતને નિકાલી દો ! બાદશાહોની રવિશ અને સીરત હમારાથી અલગ છે. **તેઓના હાથમાં દૌલતનું ઝોર છે તો હમારા હાથમાં ઇલ્મનું નૂર છે.** તેઓની લાલચ જે ઝિયાદહ તાકત હાસિલ કરવા વાસ્તે હોય છે, તેના સબબ તેઓએ હમારા અમરમાં દખલગીરી કીધી છે. લેહાઝા, હમારૂં એ બાદશાહો પાસે જાવું ગૈર-મુનાસિબ છે યાઅની કે, હમારા પર હરામ છે કે, હમેં એવા લોગો પાસે જઈએ કે જેઓ હમારો હક્ક હડપ કરનાર હોય અને હમારા દરજાને સમઝનાર ના હોય.”

આપે ફરમાવું કે, “અય ભાઈ ! આ વજેહ હમારા વાસ્તે છે. મગર તમને બાદશાહો પાસે જાવા કોઈ ચીઝ રોકતી નથી. તમેં તેઓ પાસે તમારો હક્ક માંગી શકો છો. તેઓ બાદશાહ એમ જ નથી બના, મગર ઘણો તમારો હક્ક તેઓ છીનવીને બેસેલા છે. તેઓના દરબારમાં જઈને તમેં તમારી હાજિતને પૈશ કરો.”

એ મરદે અરઝ કીધી કે, “અય મૌલા ! ઝરૂર, આપ બજા ફરમાવો છો. હું દરબારમાં જઈને મારો હક્ક તલબ કરીશ. મગર, અય મૌલા ! અકસર કરીને બાદશાહોની સીરત અને હુકમ આપની સીરત અને હુકમને ખિલાફ હોય છે. તેઓના અમલ અને અમરમાં ફરક હોય છે. તેઓને આ મુજબ કરવાની આદત પડી ગયેલી છે. આ સાથે તેઓના અમલદારો-દરબારીઓ કે, જે તેઓના દફતરો સંભાલે છે, તેમાં પણ આ જ હાલત છે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ઝમીન પર તકબ્બુરીથી ચાલનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત - ૮

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત છે કે, એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), બની અબ્દુલ મુત્તલિબ યાઅની આપના દાદાજી મૌ. અબ્દુલ મુત્તલિબ ના ફરઝંદો માંથી કોઈ એક શખ્સના ઘરે ગયા. આપના સાથે ચંદ અસ્હાબ હતા. દાખિલ થાતા પહેલા આપે સલામ પઢો અને પછી એ શખ્સ ના નઝદીક પધારા. આપે જોયું કે, એ જાનકુનીની હાલતમાં છે. યાઅની કે, કરીબ છે કે, એને મૌત આવી જાય અને એ જાનને મુકી દે. મગર એનું માથું કિબ્લા-રૂ ન હતું. ચહેરાનું રૂખ કોઈ બીજી જાનિબ હતું. આપે ફરમાવું કે, અય અસ્હાબ ! ઉઠો, ઘરવાલાને મદદ કરો અને આ શખ્સે લાચારને કિબ્લા-રૂ કરી દો. **એનું આ તરહ સુવું ગૈર-મુનાસિબ છે.** જો તમેં એમ કરશો તો અલ્લાહતઆલા ફરિશ્તાઓને હુકમ કરશે કે, એના ઘર પર નાઝિલ થાય અને એને ખુશખબરી આપો કે, “અય શખ્સે અલીલ ! તારી ઝિંદગીના આખિરી લમ્હાતમાં તું બયતુલ્લાહ તરફ મુતવજજહ થયો, તો **અલ્લાહતઆલા પણ તારા તરફ મુતવજ્જહ થાશે,** જહાઁ તક કે, તારા જિસ્મ માંથી જાન નથી નિકલતી, વહાઁ તક, આ જ શાકેલત રહેશે અને ફરિશ્તાઓ તારા ઉપર રહેમત બોલશે.”

આ રિવાયત હમને યાદ-દેહાની અપાવે છે કે, ઘરમાં કોઈ શખ્સ શદીદ બીમાર થાય અને એની શિફાની કોઈ ઉમ્મીદ નઝર ના આવે અને ડૉક્ટરોએ એની આખિરી હદ બતાવી દીધી હોય, તો ઘરવાલા પર લાઝિમ છે કે, ગફલતમાં ના રહે. મગર મરીઝને બરાબર કિબ્લા-રૂખ સુવાડે. યાઅની કે, જે વક્ત એ ઊભા થાય તો ચહેરો સીધો કિબ્લા તરફ આવતો હોય. એમ નહીં કે, એનું માથું કિબ્લા તરફ હોય કે જે વક્ત એ ઊભા થાય તો એની પીઠ કિબ્લા-રૂખ દેખાય. ઘણા લોગોને આ ચીઝનો અંદાઝો હોતો નથી. આ એવી સુન્નતે મોહંમદીયહ છે કે, **તેના ઉપર અમલ થાવો મરીઝને રૂહાની રાહત પહોંચાવે છે અને દાખિલે રહેમત કરે છે.**

આપ મૌલા ફરમાવે છે કે, અહલે ઈસ્લામમાંથી કોઈ શખ્સ જાનકુની માં ગિરફતાર હોય અને મૌતનું વારિદ થાવું કરીબ હોય અને કોઈ એની ઈયાદત વાસ્તે જાય, તબીઅત પૂછવા જાય અને આ તરહનો માજરો જોઈ તો પહેલે, કલેમતુશ્શહાદત પઢે. તે છે, **“ અશહદો અન લાઇલાહા ઇલ્લલ્લાહો વહદહૂ લા શરીકા લહૂ વ અશહદો અન્ના મોહંમદન અબ્દોહૂ વ રસૂલોહૂ”** ની તલ્કીન કરે, યાઅની ખુદ પઢે યા પઢાવે. માઅના એ થાય છે કે, હું શહાદત દઉં છું કે, નથી કોઈ ખુદા મગર અલ્લાહ છે, જે એક છે અને તેનો કોઈ શરીક-ભાગીદાર નથી અને હું શહાદત દઉં છું કે, ઝરૂર મોહંમદ તેના બંદા છે અને તેના રસૂલ છે. આ કલેમો મરીઝને નઝદીક ઘણો આઅલા છે, મુજર્રબ છે, મુઅસ્સર છે અને બહેતરીન નુસ્ખો છે. ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

આપે ફરમાવું કે, “અય ભાઈ ! આ જ હું તમને સમઝાવવા ચાહતો હતો. એ બાદશાહોની સલ્તનત અને દૌલત સાથે હમને કોઈ સરોકાર નથી. તેઓનો રસ્તો અને હમારો રસ્તો અલગ છે. **તેઓ દુનિયાના સહારે દીનને સંભાલે છે અને હમેં દીનના સહારે દુનિયાને સંભાલીએ છીએ.** હમારી સીરત અને હુકમ અલ્લાહતઆલાના હુકમ મુજબ હોય છે. જે બાદશાહ હમારી સીરત પર હોય એ ખુશકિસ્મત હોય છે, કેમકે, એ રઈયત સાથે ઈન્સાફથી પૈશ આવે છે. જે બાદશાહ ગૈર-સીરતના હોય છે એ ઝુલ્મના રસ્તે હોય છે. તમેં, અય ભાઈ ! બાદશાહોને એમની ઝિમ્મેદારી યાદ અપાવો, તમેં તમારૂં ફરઝ અદા કરો અને તમારો હક્ક જે હોય તે બિલા-ઝિઝક તલબ કરો.” ✯

**કલામને સલામથી ના ઈબ્તેદા કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત – ૫

મૌ.અહમદને તે વક્ત મકામી મુમેનીનની ઈમ્દાદથી ખૂબ રાહતો ઉન્સત થઇ હતી. આપને અજનબીયતનો એહસાસ થયો ન હતો. મગર બીજી કૌમોના લોગોથી આપ એહતેયાત અને સાવચેતીથી કામ લેતા હતા. આપ ગુજરાત કયા મકસદથી આવેલા છે અને આપના વેપારી ચહેરા પાછલ શું હકીકત છુપાયેલી છે, તે દીગર મઝહબના લોગો જાણી ના જાય, તે વાસ્તે આપ આપની શનાખ્તને પોશીદા રાખતા હતા. મુમેનીનમાંથી મકામી બાહોશ જવાનો નો આપે એક ગિરોહ બનાવી લીધો હતો. આ તરહના માહૌલમાં પણ આપે એક યા દીગર મૌકા પર **મુમેનીનને ઇમામે હક્ક તરફ દાઅવત અને હિદાયત** દેવાનું જારી રાખું હતું. બાતિની લેહાઝથી આપની મોહિમ ખૂબ જ પુખ્તા અને મઝબૂત હતી.

આપ યા આપના બાદ જે જે મૌલાઈઓ અને હુદૂદ આ મગરિબી હિન્દુસ્તાન માં થયા, એ તમામ લિબાસ બદલીને, પોતાની શનાખ્ત છુપાવીને તરહ-તરહના બુતખાનાઓ-ઈબાદતગાહોમાં જાતા હતા. ત્યાંના આમ લોગોના રસ્મો તરીકા મુજબ રિયાકારી કરી અમલ કરતા હતા. આ તરહ લોગોના દિલમાં એતેમાદ પૈદા કરતા હતા. બુતખાનાના સંતો, મહારાજો, મહંતો, મુનીઓ વગૈરહ સાથે હુસ્ને સુલૂકથી પૈશ આવી તેઓની નઝરો નિગાહમાં ઈઝઝત પૈદા કરી દિલોમાં મોહબ્બત દાખિલ કરતા હતા. તેઓ સાથે કલાકો તક બેસીને મઝહબના ઊસૂલો પર બહેસો મુબાહેસો કરતા હતા. હિકમતનો સહારો લઈને હક્ક-તકવાની રાહે રોશન દિખાવતા હતા. મુખ્તસર એ કે, મૌલાઈઓ ગૈર લોગોનું દિલ જીતવા અને મકસદે હક્કને હાસિલ કરવા હર મુમ્કિન કોશિશ કરતા હતા.

ગૈર-મુસ્તનદ અને ગૈર-મોઅતબર અખ્બારમાં હમારી બોહરા જમાઅત અને બ્રાહ્મણ કૌમની એમ ઝિક્ર છે કે, **એક અઝીમ મજમાએ ઘણી મોટી તાઅદાદમાં મૌલાઇઓના હાથ પર દીને હક્કને કુબૂલ કીધું છે.** યાદ રહે કે, ફક્ત બ્રાહ્મણોથી હિન્દુસ્તાનમાં હમારી જમાઅત વુજૂદમાં નથી આવી. જે ગલતી આજ તક તારીખનવીઓ-ઈતિહાસકારોએ દોહરાવેલી છે. મગર બ્રાહ્મણોના દાએરએ ઈમાનમાં આવતા પહેલા પણ મુમેનીનની મોટી જમાઅત ગુજરાતમાં હતી. બીજું એ કે, મૌલાઈઓની તદબીરથી મુમેનીનની જમાઅતમાં ફક્ત બ્રાહ્મણ લોગો જ નહીં, મગર ઝમાનો જેમ-જેમ ગુઝરતો ગયો તેમ-તેમ ઝુલ્મથી નજાત હાસિલ કરવા ઘણી હિન્દી કૌમ પરચમે ઈમાનમાં શામિલ થાતી રહી અને મુમેનીનની તાઅદાદ-શુમારમાં ગૈરમાઅમૂલી ઈઝાફો થાતો રહ્યો.

આ જ સબબથી હમેં સૂબએ ગુજરાતમાં ઝાહિરી તૌર પર એક બોહરા કૌમના મુબારક નામથી પહેચાનવામાં આવા. બોહરા યાઅની એક અજીબો-ગરીબ **તરક્કીયાફ્તા રોશન કૌમ** કે, જેઓ ફિત્ના-ફસાદથી, લડાઈ-ઝઘડાથી, નાઈત્તેફાકી-ગદ્દારીથી દૂર રહેતા હોય. **વેપારી કૌમ** કે, જેઓ વફાદારી, મોહબ્બત અને ખુશ-વહેવારથી પૈશ આવતા હોય. **તે ન્યારી કૌમ** કે, જે મુલ્ક હોય તે મુલ્કની હર કૌમ સાથે સમાજી તઅલ્લુકાત રાખે અને ખુદની બહેબૂદી સાથે મુલ્કની તરક્કી વાસ્તે કોશિશ કરે. ☆


### તિજારત

**હાતેમી કલેક્શન**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

234, Panchvati, Shree Rang Building,
First Floor, Opp. Taiyebi Masjid,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**

**Ph.: 9408786281 / 7990540997** ☆


**ઔલિયાની ઝિયારતથી દૂર રહેનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત : ૪૩, ૪૪ અને ૪૫**

**આયત ૪૩ :** અય બની ઈસરાઈલ ! અને તમેં નમાઝની પાબંદી કરો અને ઝકાતને અદા કરો અને રૂકુઅ કરો, રૂકુઅના કરનારાઓ સાથે.

અલ્લાહતઆલા આ આયતમાં નમાઝની પાબંદી અને ઝકાતને અદા કરવાની વસીયત કરે છે. મગર આખિરમાં જે ફરમાન છે, તે મખ્સૂસ છે અને આમ બયાનીથી હટીને છે. આ કૌલે ખુદાવંદી અજીબ છે અને ભારી છે. આ આયતની અંદરૂની માઅના ઝરૂરી છે. તાવીલ બગૈર આ આયતને સમઝાવી શકાય નહીં. યહાઁ તેનો બાઝ હિસ્સો જ બયાન કરવામાં આવો છે.

હર નમાઝની હૈસીયત તેની રકાત તરફ મન્સૂબ હોય છે. આ રકાતો રૂકૂઅ પર કાઈમ થાય છે. રૂકુઅ બગૈર નમાઝ બાતિલ થઈ જાય છે અને તેના સિવાય સજદામાં જાવું ગૈર-મુનાસિબ છે. કોઈ પણ નમાઝની કુલ રકાત તેમાં કેટલી રૂકુઅ છે, તેના ઉપર હોય છે. જેમકે, રાત અને દિનમાં પાઁચ ફરઝોની કુલ રકાત ૧૭ હોય છે. સહવના કાનૂનમાં પણ એવું છે કે, કોઈ શખ્સ રૂકુઅ દેવું ચુકી જાય તો તેની પૂરી રકાત નકામી થઈ જાય છે. નમાઝ બાતિલ થઈ જાય છે. નમાઝને કાઈમ કરવાના સાથે રૂકૂઅનું અલગ ફરમાન આ આયતમાં થાવું, તે તેની અજબ શાન બતાવે છે.

વાલેદૈનની ખિદમત અને ભલાઈ કરવામાં જે માઁ-બાવાજીના આઅલા મકામ છે, તેમાં માઁની ફઝીલત અને બાવાજીનો દરજો અલગ-અલગ છે. લેહાઝા, નમાઝની કોઈ એક રકાતમાં પણ રૂકૂઅ અને સજદાનો મકામ અલગ-અલગ છે. **રૂકુઅના મમ્સૂલ કરતા સજદાના મમ્સૂલ આઅલા અને અફઝલ છે.** જેમ ઔલાદની પરવરિશમાં માઁ-વાલેદહનો કિરદાર ખુસૂસન જોડાયેલો હોય છે. મગર, બાવાજીનો દરજો અને ઝિમ્મેદારી એવી હોય છે કે, એ માઁ અને ઔલાદ એમ બેવેની પરવરિશ કરનાર હોય છે.

મુમેનીનને ઝહેન-નશીન રાખવું જોઈએ કે, નમાઝમાં રૂકૂઅના મમ્સૂલ-મકસૂદ વસી છે અને સુજૂદ-સજદાના મમ્સૂલ-મકસૂદ નબી છે. તેના સબબ રૂકુઅ એક અને સજદા બે છે. **હરએક રકાતમાં રૂકુઅ તેના બાદ સજદાની તરફ જાવાનો દરવાઝો છે.** અલ્લાહતઆલાની શરીઅતની તન્ઝીલ અને તાવીલ, તે બેવેના માલિક નબી હોય છે, તેમ ફક્ત તાવીલના માલિક વસી હોય છે. શરીઅતના ઊસૂલ મુજબ વસી માઁ ની જગા પર છે અને નબી બાવાજીની જગા પર છે.

**આયત ૪૪ :** શું તમેં લોગોને ભલાઈ કરવાનો હુકમ તો કરો છો, મગર તે વાસ્તે ખુદની ઝાતોને ભુલી જાવ છો. શું તમેં આ વાતને સમઝતા નથી, હાલાંકે તમેં અલ્લાહની કિતાબની તિલાવત કરો છો.

બીજાને નસીહત કરવી ખૂબ આસાન છે, કેમકે બોલવામાં ઝબાનને ઝિયાદહ કુલ્ફત પડતી નથી. મગર તે જ નસીહત મુજબ જો ખુદને ચાલવાની વાત આવે તો તેમાં વક્ત, કુલ્ફત અને બરદાશ્તગી નો તકાઝો સામે આવે છે. ફક્ત નમાઝ પઢવું યા ખુદને એકલા કરી દેવું, ભલાઈ નથી. મગર ભલાઈ તો તે છે કે, ખુદની ઝિંદગી બહેતર બનાવવામાં એક બીજાની ઝિંદગી પણ બહેતર થાય. આ તદબીર આઅલામાં આઅલા તદબીર છે.

તે શખ્સનો અમલ, અમલે બિર્ર-અમલે સાલેહ-અમલે ખૈર છે કે, જે શખ્સ અલ્લાહતઆલા, યૌમે કેયામત, ફરિશ્તાઓ, જન્નત-જહન્નમ, હિસાબ, મિઝાન, સિરાતે મુસ્તકીમ, મૌત, કબર માંથી ઉઠવા પર, કિતાબ, નબીઓ પર ઈમાન લાવે. અલ્લાહતઆલાના ફરમાન પર ચાલીને તેની મોહબ્બતના ખાતિર માલને તેના સાહેબને આપે. હરએક હક્કને અદા કરે. રિશ્તેદારોને, યતીમોને, મિસ્કીનોને, મુસાફિરોને, સવાલ કરનારને, કર્ઝમાં (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**હદથી વધારે જમનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

ગિરફતારને, કૈદ માંથી છોડાવવા વાસ્તે અતા કરે. હર વક્ત નમાઝને કાઈમ કરે અને તૈયેબો તાહેર થાવા વાસ્તે સાહેબે હક્કને ઝકાત આપા કરે. કોઇને આપેલા વાઅદાને વફા કરે. દુઃખમાં, તકલીફમાં, સફરમાં, બીમારીમાં, જેહાદમાં કોઈ વક્ત સબરને ના છોડે. સચ્ચાઈથી વિલગીને રહે. આ સિફતોવાલો શખ્સ બિલાશક ભલો છે, નૈક છે.

**આયત ૪૫ :** અને મદદ તલબ કરો તમેં સબર અને નમાઝથી. ઝરૂર ! ખુશૂઅ કરનાર, ઝુકનાર, નરમીથી પૈશ આવનાર મુમિન સિવાય નમાઝ બીજા લોગો વાસ્તે ભારી છે, અણગમતી છે.

શરીઅતમાં તન્ઝીલ અને તાવીલ બેવે હોય છે. આ બેવેનું હોવું લાઝિમ છે. આ બેવે અલ્લાહતઆલાની પૈદાઈશોનો ઊસૂલ છે. હર નબી આની તાઅલીમ આપી ગયા છે. સબર તાવીલી-બાતિની અમલ છે અને નમાઝ તન્ઝીલ-ઝાહિરી અમલ છે. સબરનો અમલ નમાઝ કરતા ભારી છે. સબરનો રૂકન ઈમાન સાથે જોડાયેલો છે અને નમાઝનો રૂકન ઈસ્લામ સાથે જોડાયેલો છે. નમાઝને તેના વક્તોમાં પઢવાનો હુકમ છે. મગર સબર હર ઘડી-વક્તમાં કરવો મુમિન પર લાઝિમ છે. **સબર કરવાના સબબ ઇન્સાફ કાઇમ થાય છે.** સબર કરવાના સબબ અલ્લાહતઆલા પર યકીન સાબિત થાય છે. સબર કરવાના સબબ જેહાદનો અજર હાસિલ થાય છે. સબર, ઈન્સાફ, યકીન અને જેહાદ, આ ચારે ચીઝોને મિલાવવામાં આવે તો મુકમ્મલ ઈમાનનો ઈઝહાર-ઈકરાર થાય છે.

સબરમાં નમાઝ હોતી નથી મગર હર નમાઝમાં સબર કરવો ઝરૂરી હોય છે. સબર બગૈરની નમાઝ, તાજ બગૈરના શહેનશાહ છે. ઈબાદત વાસ્તે સબર કરવો તે ફરિશ્તાઈ સીરતમાં શુમાર થાય છે. આ એ જ શખ્સ કરી શકે છે કે, જે ખાશેઈન માંથી હોય, ખાશેઅ શખ્સ દિલનો પાક હોય છે. એની નમાઝમાં દિલનો તવજ્જોહ હોય છે. દિલ હાઝિર હોય છે. જે અમલમાં દિલ હાઝિર હોય તે અમલ સહેલ-આસાન થઈ જાય છે. લેહાઝા, ખાશેઈન વાસ્તે નમાઝ પઢવું ભારી લાગતું નથી. તેઓ ઝૌકો શૌકથી નમાઝને કાઈમ કરે છે. તેઓનું બાતિન સાફ હોવાથી, ઝાહિરી અમલ જે નમાઝ છે, તેને પણ બરાબર અદા કરી શકે છે. ✯

## હિલ્મ

હિલ્મ શું છે ? ઈલ્મ સાથે અને અક્લ સાથે તેનો શું રિશ્તો છે ? શું હર શખ્સમાં હિલ્મ હોય છે ? જે શખ્સમાં ઈલ્મ હોય તો શું તેમાં હિલ્મ હોય છે ? આનો જવાબ એ છે કે, હર આલિમ-ઈલ્મનો રાખરાન હલીમ-હિલ્મવાલો હોતો નથી. હિલ્મ તે ઈલ્મનો તાજ છે. ઘરમાં નલમાંથી પાની તો આવે જ છે અને તેનાથી ટાંકી પણ ભરેલી હોય છે. મગર ક્યા વક્ત પર કેટલો નલ ખોલવો અને કેટલી મિકદારમાં પાની લેવું, તે ખૂબ અહમ છે. કોઈ શખ્સ અકલમંદીથી સોચી-વિચારીને પાનીને ઈસ્તેમાલ કરે, તો એની આ આદત બહેતર કહેવાય.

અક્લની ટાંકીમાં ઈલ્મ તો ખૂબ હોય મગર એ શખ્સને ખબર જ ના હોય કે તે ઈલ્મ-નોલેજ કઈ તરહથી, ક્યા વક્ત પર, કેટલું કોને દરમિયાન અને કયા પૈરાયામાં ઈસ્તેમાલ કરવું તો એ શખ્સ ગૈર-તજરૂબેકાર એન ગૈર-મુઅતબર આલિમ કહેવાય. એના ઉપર ભરોસો ના મુકી શકાય. એની કોઈ વાત સાબિત ના કહેવાય. હિલ્મ, ગુસ્સાને કન્ટ્રોલ કરે છે અને અક્લના હુકમને ખિલાફ ઈન્સાનની નફસ ના જાય તેની તકેદારી રાખે છે. **અગર અક્લ રાજા છે તો ઇલ્મ તેનું દરબાર છે અને આ દરબારની પહેરેગીરી કરનાર હિલ્મ છે.** ✯

**મુમેનીનની મુલાકાતથી પરહૈઝ કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**
**કુરઆન પઢવામાં કોતાહી કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

**ગુસ્લ કરવામાં તાખીર કરનાર, શયતાનને ખૂબ પસંદ છે.**

## ચાહતેં હૈં હમ

જો દિલ મેં હે ઉસે અબ લબ પે લાના ચાહતેં હૈં હમ,
હકીકતે હાલ ક્યા હે વો સુનાના ચાહતેં હૈં હમ.

અઝલ મેં જિસકા વાઅદા કરકે હમ આએં હૈં દુનિયા મેં,
અબ ઉસકો મરતે દમ તક ભી નિભાના ચાહતેં હૈં હમ.

કલામુલ્લાહ હદીસે મુસ્તફા, ફરમાને હયદર કો,
નિગાહે બંદ સે દુનિયા કી બચાના ચાહતેં હૈં હમ.

યે તાઅલીમાતે દીં પહોંચી હે હમ તક જિનકે ઝરીએ સે,
ઉન્હીં કો રહેબરે મંઝિલ બનાના ચાહતેં હૈં હમ.

કિયા હે અહદ જો વો જીતેજી હરગિઝ ન તૂટેગા,
કિસી ભી હાલ મેં ઉસ પર હી ચલના ચાહતેં હૈં હમ.

હે હક્ક પર કૌન, હક્ક કે રાસ્તે સે કૌન ભટકા હે,
ઝમાને કો અબ આઈના દિખાના ચાહતેં હૈં હમ.

કોઈ પૂછે, તુમ દિલ મેં ક્યા ઈરાદા કરકે બૈઠે હો,
જહાઁ સે કુફ્રો બિદઅત કો મિટાના ચાહતેં હૈં હમ.

ગુરૂરો હિર્સ, બાતિલ કા જહાઁ સે કરકે મૂઁહ કાલા,
યહાઁ સે સુર્ખરૂ હો કરકે જાના ચાહતેં હૈં હમ.

યે દુનિયા ક્યા કહે, અપને દોઆતોં કે મઝારોં પર,
બસદ તાઅઝીમ અપના સર ઝુકાના ચાહતેં હૈં હમ.

હમારે દાઈ સૈયેદના ઝકીયુદ્દીં રહે આબાદ,
નિરાલી શાન કે નાઅરે લગાના ચાહતેં હૈં હમ.

કુછ ઈનકી શાનો અઝમત ઔર ઝરીં કારનામોં કો,
કે મંઝરે આમ પર અબ ઉસકો લાના ચાહતેં હૈં હમ. ✩

## હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે,

✳ દુનિયામાં ઝિંદગીનો કોઈ ભરોસો નથી. મુમેનીન તમેં મૌતને નઝરના સામે રાખશો તો કોઈ વક્ત ગુનાહ નહીં કરો.

✳ મુમેનીન! હમેં, બાગમાં જેમ ગુલાબ અને મોગરાના ફૂલ હોય છે, તેમ ખુશબૂદાર છે. હમારી પૈદાઈશ પાકી પર છે, તહારત પર છે.

✳ મુમેનીન! હમેં બે અલીની દાઅવતના મુમેનીન છીએ. એક અલી કૂફામાં શહીદ થાનાર શાહે ઈમાન છે અને બીજા અલી, અહમદાબાદમાં શહીદ થાનાર શાહે વલાયત છે.

✳ મુમેનીન! અલ્લાહતઆલાએ હમને જમવા-પીવાનું કહેલું છે પણ હદથી વધારે ખર્ચ કરવાની મનાઈ કીધેલી છે. જે શખ્સ હદથી વધારે ખર્ચ કરશે તે શયતાનનો ભાઈ છે.

✳ મુમેનીન! હમારી જમાઅતની હક્કાનીયત, હક્કની નસથી સાબિત છે. તમામ લોગો હમારાથી અલગ થયેલા છે, હમેં કોઈનાથી અલગ થયા નથી. ✩

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.